# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (વડોદરા-છોટાઉદેપુર)

## નવા GST દરઃ કૃષિ ક્ષેત્ર અને ખેડૂતોની સમૃદ્ધિ માટે વરદાન

નવા GST દરો કૃષિ અને ડેરીક્ષેત્રમાં મોટા પરિવર્તનનો સંકેત છે. દેશભરના ખેડૂતો, કૃષિ અને ડેરી કામદારો, પશુપાલકો GST દરોમાં ઘટાડાથી ખૂબ જ ખુશ છે અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતિ નિર્મલા સીતારમણનો આભાર વ્યકત કરી રહ્યા છે. કેન્દ્રીય કૃષિમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણે પણ નવા દરોને ક્રાંતિકારી નિર્ણય ગણાવ્યો છે અને ઐતિહાસિક પરિવર્તનની આશા વ્યકત કરી છે.

GST સુધારાની અસર નાના અને મધ્યમ ખેડૂતોમાં વ્યાપકપણે જોવા મળશે. કૃષિ ઉપકરણો, સૌર ઉર્જા આધારિત ઉપકરણો પર GST દરોમાં ઘટાડાને કારણે, ખેતીનો ખર્ચ ઘટશે અને ખેડૂતોનો નફો વધશે. બાયો પેસ્ટીસાઈડસ અને સૂક્ષ્મ પોષકતત્વો પર GST ઘટાડવામાં આવ્યો છે, જેનો ફાયદો ખેડૂતોને થશે. ઉપરાંત રાસાયણિક ખાતરોમાંથી બાયો-ખાતરો તરફ ખેડૂતોનો વલણ ચોક્કસપણે વધશે. ડેરીક્ષેત્રમાં હવે દૂધ અને ચીઝ પર કોઈ GST રહેશે નહી. આનાથી માત્ર સામાન્ય માણસને જ નહી. પરંતુ ખેડૂતો, પશુપાલકો અને દૂધ ઉત્પાદકોને પણ ફાયદો થશે. GST સુધારાથી સંકલિત કૃષિને પણ પ્રોત્સાહન મળશે. પશુપાલન, મધમાખી ઉછેર, મત્સ્ય ઉધોગ, કૃષિ-વનીકરણ, મરઘા ઉછેરમાં GST મુક્તિના ફાયદા સ્પષ્ટપણે દેખાશે. કેન્દ્રના તેદુના પાન પર GST માં ઘટાડો થવાથી આદિવાસી સમુદાયની આજીવિકા મજબૂત થશે અને વાણિજ્યિક માલસામાનના વાહનો પર GST માં ઘટાડો થવાથી કૃષિ માલનું પરિવહન સસ્તું થશે.

GST માં ઘટાડો થવાથી ખરીદીનિ કિંમત ઘટશે, જેના કારણે નાના અને મધ્યમ ખેડૂતો પણ ટ્રેકટર ખરીદી શકશે, ઓછી કિંમતનો કૃષિમાં યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપશે. જેનાથી ખેડૂતોનો સમય બચશે. મેન્યુઅલ મજૂરી ખર્ચ ઘટશે અને પાક ઉત્પાદકતામાં સુધારો થશે. સૌર ઉર્જાથી ચાલતા સિંચાઈ ઉપકરણો સસ્તા થશે. ખાતરો ઓછા ખર્ચે મળશે. જંતુનાશકો સસ્તા થશે.ફળો અને શાકભાજી સસ્તા થશે. સુકા મેવા ઓછા ખર્ચે મળશે. ખાદ્ય પ્રકિયાને પ્રોત્સાહન મળશે.દૂધ અને ચીઝ પર કોઈ GST નહી.તૈયાર સુકવેલી માછલી પર GST ઘટાડયો. કુદરતી મધ સસ્તુ થશે.તેદુના પાન પર GST ઘટાડયો. સામાન્ય રીતે 18% અને 12 % આવતા ઘણાખરા ખેતીમા વપરાતી મશીનરી અને ઇનપુટ્સ ને 5% GST કેટેગરીમા સમાવેશ કરવામા આવ્યોછે.

એકંદરે કૃષિમાં નું તર્કસંગત ખેડૂત મૈત્રીપૂર્ણ, ગ્રામીણ-કેન્દ્રિત અને ટકાઉપણું-કેન્દ્રિત સુધારા છે. ખેડૂતો માટે ખર્ચ ઘટાડવો, સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવું અને ખાદ્ય સુરક્ષાને મજબૂત બનાવવી. કૃષિમાં બહુ સ્તરીય સ્તરે અને તેની બધી સંલગ્ન પ્રવૃતિઓમાં પણ સુધારો થશે. ખાતરના ખર્ચમાં ઘટાડો થવાને કારણે ખેતી ઉત્પાદકતા વધશે, કોલ્ડ સ્ટોરેજ અને કૃષિ પ્રક્રિયામાં વધારો થશે અને ખેતીમાં યાંત્રિકીકરણ વધશે. આ બધા ઉપરાંત, એકવા કલ્ચર, ડેરી ફાર્મિંગ અને તેમાં સંકળાયેલા સહકારી સંગઠનો વધુ નફાકારક બનશે. ઉપરોકતનો અનુવર્તી અસર આપણને આયાતી ખાદ્ય ઉત્પાદનો અને પેકેજડ ખોરાક સામે વધુ સ્પર્ધાત્મક બનાવશે. આત્મનિર્ભર બનવા માટે, આપણૂં સ્થાનિક ખાદ્ય ઉત્પાદન ખાદ્ય ચીજોની આયાતની તુલનામાં વધુ સ્પર્ધાત્મક રહેશે.